ખેડૂતોની જળ સમસ્યાનો આવશે અંત

# ગોધરા તાલુકાની બે મહત્વની સિંચાઈ યોજનાઓ માટે 585.81 લાખ મંજૂર

પ્રથમ તબક્કાની કામગીરીમાં મુખ્યત્વે જળાશયોના પાળાનું મજબૂતીકરણ, વેસ્ટ વિયરનું સમારકામ



(પ્રતિનિધિ) ગોધરા, તા.19
ગુજરાત સરકારના નર્મદા અને જળ સંપત્તિ વિભાગ દ્વારા પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ખેડૂતોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તાલુકાની વડેલાવ અને ઓરવાડા માઈનોર ઈરીગેશન સ્કીમના રીસ્ટોરેશન એટલે કે પુનઃસંગ્રહ માટે કુલ ૫૮૫.૮૧ લાખની સુધારેલી સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ યોજના સાકાર થવાથી વિસ્તારના ખેડૂતોની વર્ષો જૂની સિંચાઈની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે અને જળાશયોની પાણી સંગ્રહ કરવાની ક્ષમતામાં મોટો વધારો થશે. આ આયોજન હેઠળ વડેલાવ માઈનોર ઈરીગેશન સ્કીમ માટે ૨૪૨.૯૦ લાખ અને ઓરવાડા માઈનોર ઈરીગેશન સ્કીમ માટે ૩૪૨.૯૧ લાખની માતબર રકમ ફાળવવામાં આવી છે. પ્રથમ તબક્કાની કામગીરીમાં મુખ્યત્વે જળાશયોના પાળાનું મજબૂતીકરણ, વેસ્ટ વિયરનું સમારકામ અને હેડ રેગ્યુલેટર વેલના નવીનીકરણ પર ભાર મૂકવામાં આવશે. આ કામગીરીને કારણે પાણીના લીકેજનો પ્રશ્ન હલ થશે અને સિંચાઈ સુવિધા વધુ સુદ્રઢ બનશે. આગામી સમયમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી વહેલી તકે કામગીરી શરૂ કરવામાં આવશે. પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થયા બાદ બીજા તબક્કામાં કેનાલ નવીનીકરણની મંજૂરી મેળવીને નહેરોની કામગીરી પણ હાથ ધરાશે, જેનાથી વડેલાવ અને ઓરવાડા વિસ્તારની વધુ જમીન સિંચાઈ હેઠળ આવશે. આ યોજનાના અમલીકરણથી ખેડૂતોની આવક વધશે અને સમગ્ર વિસ્તારના ગ્રામીણ અર્થતંત્રમાં અને જીવનધોરણમાં સકારાત્મક સુધારો જોવા મળશે..

## કાલોલ પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે એકને ઝડપ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.19
કાલોલ પોલીસ સ્ટેશનના સિનિયર પીઆઇ આરડી ભરવાડને બાતમી મળેલ કે કાલોલ રાવળ ફળિયા પાસે આવેલ ઓમ રેસીડેન્સીમાં રહેતા અમિતકુમાર ગણપતસિંહ ચૌહાણ તેના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી છૂટક વેચાણ કરે છે જે આધારે પોલીસે રેડ કરતા અમિતકુમાર પોતાના ઘરે હાજર મળી આવ્યો હતો પોલીસે તેના ઘરમાંથી પોલીસે કુલ 8,830 નો મુદ્દામાલ કબજે કરી આ મુદ્દામાંલ અંગે પાસ પરમિટ માગતા તેની પાસે કોઈ પણ જાતનો પાસ પરમીટ જોવા મળ્યો નહતો પોલીસ પૂછપરછમાં તેને જણાવેલ કે આ જથ્થો બેઢીયા ધુળા ખાતુની મુવાડી માં રહેતા અનિરુદ્ધસિંહ ઉર્ફે ચકુ બળવંતસિંહ પાસેથી લાવ્યો હોવાનું જણાવતા પોલીસે બંને સામે પ્રોહી એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો હતો

સંકટ સમયે પુરવઠો મળી રહેતા નાગરિકોમાં ખુશી

# સિંગવડમાં ગેસ એજન્સી દ્વારા LPG ગેસના બોટલોનુ વિતરણ કરાયું



(પ્રતિનિધિ) સિંગવડ, તા.19
સિંગવડ ખાતે સોના ગેસ એજન્સી દ્વારા એલપીજી ગેસ ના બોટલો આપવામાં આવ્યા આજરોજ સિંગવડ ખાતે સોના ગેસ એજન્સી લીમખેડા દ્વારા ઈન્ડિયન ગેસ સિંગવડ ખાતે આપવામાં આવ્યા
જેમાં સિંગવડ ઇન્ચાર્જ મામલતદારની સુચના મુજબ સોના ગેસ એજન્સી લીમખેડા દ્વારા જી એલ શેઠ ગ્રાઉન્ડમાં નાયબ મામલતદાર તથા પોલીસ સ્ટાફને સાથે રાખીને જેમના ડી એસ સી નંબર હતા તેમને ગેસની બોટલોનું વિતરણ કરવામાં આવ્યું હતું જ્યારે આ ગેસની બોટલોનું વિતરણ થતાં ગેસ ગ્રાહકો ને ગેસની બોટલો મળતા આનંદ જોવા મળ્યો હતો જ્યારે આવી જ રીતના અઠવાડિયામાં બે થી ત્રણ દિવસ સિંગવડ તાલુકામાં ગેસ બોટલો આપવામાં આવે તો બોટલોની કોઈપણ જાતની અછત ઊભી થાય તેમ નથી અને લોકોમાં જે બોટલો નથી મળતા તે દૂર થઈ શકે તેમ છે માટે ગેસ એજન્સીઓ દ્વારા સમયસર ગેસ ગ્રાહકોને બોટલો આપવામાં આવે તેવી માંગ છે જ્યારે દાહોદ ભારત ગેસ દ્વારા પણ આવી જ રીતના સિંગવડ ખાતે આવીને બોટલો આપવામાં આવે તો લોકોને તેની સુવિધા મળી શકે તેમ છે તેના માટે પણ સરકારી તંત્ર દ્વારા ભારત ગેસ વાળા ને જરૂરી સુચના આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે

# રૂ.2 લાખના ચેક રિટર્નની ફરિયાદમાં હાલોલ કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કરી છોડી મુક્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.19
હાલોલના ઉલ્લાસનગર ખાતે રહેતા યુવરાજસિંહ રાજેન્દ્રસિંહ સોલંકી એ હાલોલની રહીમ કોલોની ખાતે રહેતા ફારુક ઐયુબભાઈ મેતર સામે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ ૧૩૮ મુજબ રૂ ૨ લાખ ના ચેક રીટર્ન ની ફરિયાદ દાખલ કરી હતી. આરોપીને સારી રીતે ઓળખતા હોય આરોપીને ઘરની લોન નહી ભરે તો બેંક સીલ મારે તેવું હોવાથી લોન ભરવા માટે રૂ ૨ લાખની માંગણી કરતા ફરિયાદીએ તા ૧૦/૦૧/૨૪ ના રોજ રૂ ૨ લાખ ઉછીના આપ્યા હતા જે પેટે આરોપીએ તા ૧૨/૦૩/૨૪ ના રોજ નો જનતા સહકારી બેંક નો ચેક આપેલ જે ચેક જમા કરાવતા "અધર રિઝન"ના શેરા સાથે રિટર્ન થયો હતો જેબાદ હાલોલના એડી ચીફ જ્યુ મેજિસ્ટ્ર કોર્ટમાં ફરિયાદ દાખલ કરતા આરોપી તરફે એડવોકેટ કે ડી મલેક હાજર રહ્યા હતા. આરોપીએ આ ચેક ફરિયાદીએ કામીલ પાસેથી મેળવી પોતાની સામે તદન ખોટો કેસ કર્યો હોવાનું જણાવ્યું હતુ. આરોપીના એડવોકેટ કે ડી મલેક દ્વારા કરાયેલી ઊલટ તપાસમાં ફરિયાદીએ પોતે આરોપીને છેલ્લા નવ દસ વર્ષ થી ઓળખતો હોવાનું જણાવ્યું હતુ જ્યારે આરોપીને કેટલા બાળકો છે તેની પોતાને ખબર નહીં હોવાનું જણાવ્યું જ્યારે પોતાને એ યુ સ્મોલ ફાઈનાન્સ માથી રૂ ૬૦,૦૦૦/ ની બાઈક ની લોન ચાલે છે તેવુ પણ સ્વીકારેલ આઈટી રિટર્ન માં પણ ચેક ના વ્યવહારની રકમ બતાવેલ નથી. પોતે વ્યાજ વટાવ નો ધંધો ન કરતા હોવાનું જણાવ્યું હતુ જ્યારે હાલોલ કોર્ટ માં ચેક રીટર્ન અંગેની પોતાની ફરિયાદી તરીકેનો પાંચ ફરિયાદો ની હકીકત સ્વીકારેલ. પોતે કામીલ ફિરોઝભાઈ મેતર ને ઓળખતા નથી તેવુ જણાવી તરતજ હાલનો તકરારી ચેક આરોપીના ભત્રીજા કામીલ ફિરોઝભાઈ મેતર પાસેથી મેળવ્યો હોવાનું સ્વીકારે છે. રૂ બે લાખ પોતે ક્યાંથી લાવ્યા તેનો કોઈ પુરાવો પોતાની પાસે નથી તથા ચેક કયા કારણે રિટર્ન થયો તે યાદ નથી તેવુ સ્વીકારેલ તમામ હકીકતે ફરિયાદી ગેરકાયદેસર વ્યાજ વટાવ ના ધંધા સાથે સંકળાયેલા હોય અને પોતાના હિતો સાચવવા કોર્ટ પ્રોસેસ નો દુરુપયોગ કરી ખોટી ફરિયાદ કરનાર ઈસમ હોવાનુ તેમજ ચોખ્ખા હાથે આવેલના હોય પોતાનું કાયદેસર નુ લ્હેણુ સાબિત કરી શકતા ન હોય હાલોલના એડી ચીફ જ્યુ મેજિસ્ટ્રે આર બી જોશીએ એડવોકેટ કે ડી મલેક ની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી ફારુક ઐયુબભાઈ મેતર ને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો આદેશ આપ્યો છે.

## સરદાર ભવન ખાતે ચૂંટણીના આયોજન અંગે બેઠક યોજાઈ



(પ્રતિનિધિ) કાલોલ, તા.19
કોંગ્રેસ હાઉસ સરદાર ભવન કાલોલ ખાતે સવારે 11:00 કલાકે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચેતનસિંહ પરમાર ની સૂચનાથી અને તેઓ ની ઉપસ્થિતિમાં કાલોલ તાલુકા કોંગ્રેસ સમિતિ ની અગત્યની મીટીંગ કાલોલ તાલુકામાં તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયત બેઠકોની યોજાનાર ચૂંટણી ના આયોજન અંગે અગત્યની મીટીંગ રાખેલ તેમાં આ વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી.

ગ્રામ પંચાયતના સત્તાધીશો ઉપર લારી ગલ્લા વાળાએ લગાવ્યા ગંભીર આક્ષેપો

# વેજલપુરના મહેલોલ ચોકડી પાસે દબાણો દૂર કરવાની કામગીરી મોકૂફ રખાઈ

(પ્રતિનિધિ) કાલોલ, તા.19
કાલોલ તાલુકાના વેજલપુર ગામે આજ રોજ મેહલોલ ચોકડી પાસે આજ રોજ હાથ ધરાયેલી દબાણ હટાવવાની કાર્યવાહી રમઝાન માસને પગલે ત્રણ દિવસ માટે મોકૂક રાખવામાં આવી .પરંતુ આ વચ્ચે સવાલો વધુ તેજ બન્યા છે. લારી-ગલ્લા ધારકો અને આગેવાનો અને તાલુકા સભ્ય સલીમ ભાઈ કઠીયા દ્વારા સમય માંગતા કાર્યવાહી અટકાવી દેવામાં આવી હતી ત્રણ દિવસનો સમય દબાણકર્તા લોકોને આપવામાં આવ્યો છે જેનાથી સ્પષ્ટ થાય છે કે દબાણ મુદ્દે તંત્ર દબાણમાં છે કે કેમ તે ચર્ચાનો વિષય બન્યો છે.ત્યારે મેહલોલ ચોકડી ઉપરના લારી



ગલ્લા વાળાઓ સીધો આરોપ લગાવ્યો છે કે હાલના સરપંચ પોતે જ સરકારી પડતર અને ગૌચર જમીન પર વસવાટ કરી રહ્યા છે. "પોતાના દબાણો પર મૌન અને ગરીબોના રોજગાર પર કડકાઈ" –આવી દ્વિધા ભરી બેવડી નીતિ સામે લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.
ત્યારે વેજલપુરમાં અનેક જગ્યાએ સરકારી જમીન પર મોટા શોપિંગ કોમ્પ્લેક્સ દુકાનો ઉભા થઈ ગયા છે તે તમામ ગેરકાયદેસર દબાણો ની સર્વે નમ્બરો સાથે વેજલપુર ગ્રામ પંચાયતને લેખિતમાં અરજીઓ આપવા છતાં તેમની સામે કોઈ કાર્યવાહી કેમ નથી કરતા તેવા ગંભીર આક્ષેપો અરજી કર્તાઓ કરી રહ્યા છે તો શું પંચાયતની નજર માત્ર નાના વેપારીઓ પર જ છે? શું આ કાર્યવાહી પસંદગીયુક્ત છે? તેવા અનેક સવાલો ઉભા થયા હતા.

## ખંગેલા ચેકપોસ્ટ પાસેથી થેલીઓની આડમાં લઈ જવાતો 22.42 લાખનો દારૂ ઝડપાયો

દાહોદ : દાહોદ તાલુકાની ખંગેલા ચેકપોસ્ટ પર બંને તરફથી આવતા જતા નાના મોટા તમામ વાહનોનું ચેકિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન મધ્યપ્રદેશ બાજુથી આવતી મહારાષ્ટ્ર પાસિંગની એમ.એચ.૦૪-જૈકે-૩૩૧૮ નંબરની લાલ કલરની આઈસર ગાડીને વાહન ચેકિંગમાં ઉભેલ પોલીસે રોકી રોડની સાઈડમાં કરાવી હતી અને ગાડીની બોડી પર ઢાંકેલ તાડપત્રીખોલી ચેક કરતાં વિદેશી દારૂ તથા બિયરની પેટીઓનો જંગી જથ્થો નજરે પડતા પોલીસ ચોકી ઉઠી હતી. પોલીસ ગાડીને ખંગેલા ચેકપોસ્ટથી ટાન્ડા આઉટપોસ્ટ ખાતે લઈ ગઈ હતી. અને ત્યાં જ લઈ જઈ ગાડીમાંથી પોલીસે રૂપિયા ૨૨,૪૨,૫૯૦/- ની કુલ કિંમતનો દારૂ અને આયશર મળી રૂ.32.47 લાખનો મુદ્દામાલ સાથે એકની અટકાયત કરવામાં આવી હતી.

ધાનપુરના પીપેરો ગામે નદી ફળિયામાં તસ્કરો ત્રાટક્યા

# લાઈસન્સવાળી બંદૂક અને 40 કારતુસ ચોરી તસ્કરો ફરાર

**ધાનપુર** પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.19
બંધ ઘરને નિશાન બનાવી બંધ ઘરના દરવાજાનું તાળું તોડી ઘરમાંથી લાઈસન્સ વાળી ડબલ બેરલવાળી બંદૂક તેમજ ૪૦ જેટલા કાર્ટિસ મળી કુલ રૂપિયા ૧૨૦૦૦/- ની મત્તા ચોરીને લઈ ગયા પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર ગત તારીખ ૧૬ મીના રોજ રાત્રિના સમયે થાનપુર તાલુકાના પીપેરો ગામે નદી ફળિયામાં તસ્કરો ત્રાટક્યા હતા. અને નદી ફળિયામાં રહેતા શંકરભાઈ કલાભાઈ બારીયાના બંધ ઘરને નિશાન બનાવી બંધ ઘરના દરવાજાનું તાળું તોડી તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા. અને ઘરમાંથી રૂપિયા ૧૦,૦૦૦/-ની કિંમતનીન્દ્ર-૫૨/મ્ય-૮૯ નંબરના લાયસન્સ વાળી ડબલ બેરલની બંદૂક તથા રૂપિયા ૨૦૦૦/-ની કુલ કિંમતના જીવતા કારતુસ નંગ-૪૦ મળી કુલ રૂપિયા ૧૨,૦૦૦/-ની મતા ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે ઘરેફોડ ચોરીનો ભોગ બનેલ શંકરભાઈ બારીયાના બારીયા સાળા બળવંતભાઈ દિપસિંહભાઈ બામણીયાએ ધાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં સ્વચ્છતા અને દબાણો અંગે ખાસ ડ્રાઈવ યોજાશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.19
દાહોદ નગરપાલિકાની આ વખતની બોર્ડની મુદત તારીખ ૧૫ ના રોજ પૂર્ણ થયા બાદ પાલિકામાં પ્રાંત અધિકારી વહીવટદાર તરીકે મુકાયા છે ત્યારે વહીવટ આવતા ની સાથે શહેરની ચમક વધારવાના આયોજન કરતા હોવાનું જોવા મળી રહ્યું છે તારીખ ૨૦ થી દાહોદ શહેરમાં સ્વચ્છતા, હંગામી દબાણો અને અનઅધિકૃત પ્લાસ્ટિક વેચાણ મામલે કડકરૂપ અખત્યાર કરી શહેરમાં ડ્રાઈવ કરશે તારીખ ૨૦થી શરૂ થનાર આ ડ્રાઈવમાં શહેરમાં જયા ગંદકી હશે ત્યાંથી સફાઈ કરાવાશે સાથે શહેરમાં કરાયેલા હંગામી દબાણો હટાવાશે સાથે જે વેપારી, લારી ગલ્લા આગળ ગંદકી કચરો જોવા મળશે તો દંડનીય કાર્યવાહી કરાશે.

# ગોધરામાં ચેટીચંડ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે

(પ્રતિનિધિ) ગોધરા, તા.19
ગોધરા નગરમાં આજે સિંધી સમાજ દ્વારા ઈષ્ટદેવ ભગવાન ઝુલેલાલની જન્મજયંતિ અને સિંધી નવા વર્ષ ચેટીચંડ પર્વની ભવ્ય અને પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવશે. શ્રદ્ધા, એકતા અને આનંદના માહોલમાં ઉજવાનારા આ પર્વને લઈને સમગ્ર સિંધી સમુદાયમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલા ધાર્મિક કાર્યક્રમો બાદ આજે મુખ્ય પર્વ નિમિત્તે વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની હારમાળા સર્જાશે. આજની ઉજવણીના ભાગરૂપે વહેલી સવારે મુખ્ય ઝુલેલાલ મંદિર ખાતે મહાઆરતી, ધ્વજારોહણ અને ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવશે. જૂના બસ સ્ટેન્ડ રોડ પર આવેલ આ મુખ્ય મંદિરને સમાજના



દાતાઓના સહકારથી આધુનિક સુવિધાઓ સાથે સુસજ્જ કરવામાં આવ્યું છે, જે સમાજના ધાર્મિક અને સામાજિક વિકાસમાં મહત્વનું યોગદાન આપશે. બપોરના સમયે મંદિરે દર્શનાર્થે આવતા તમામ ભક્તો માટે મહાપ્રસાદીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, આ શોભાયાત્રાનું બહારપુરા સ્થિત મંદિર ખાતે મહાનુભાવો દ્વારા સ્વાગત કરવામાં આવશે અને અંતે રામ સાગર તળાવ, ઝુલેલાલ જાહેર ઘાટ ખાતે ભક્તિ સંગીત અને સ્તુતિ સાથે વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરી જ્યોતનું વિસર્જન કરવામાં આવશે.

ફતેપુરા વિધાનસભાના સુખસર માં "કાર્યકર્તા સંમેલન" કાર્યક્રમ યોજાયો

# ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માનું બુકેની જગ્યાએ બુકોથી સ્વાગત કરાયું

( પ્રતિનિધિ ) સુખસર,તા.19
ફતેપુરા વિધાનસભાના સુખસર ખાતે ગુજરાત પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષ સ્થાને ભવ્ય કાર્યકર્તા સંમેલનનો કાર્યક્રમ ગુરૂવારના રોજ યોજાયો હતો. જેમાં વિધાનસભા વિસ્તારમાંથી હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ સ્નેહલભાઈ ધરીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.
ત્યારબાદ સાંસદ જશવંતસિંહ ભાભોરે કાર્યકર્તાઓને સંબોધન કર્યું હતું.ધારાસભ્યની કૃષિ મંત્રી રમેશભાઈ કટારાએ ભાજપની




સરકારમાં થયેલા વિકાસ કાર્યો છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે અને સરકારનો લાભ મળી રહ્યો છે. તેમજ પીએમ કિસાન યોજના અંતર્ગત અને વરસાદમાં થયેલા નુકસાન અંતર્ગત સરકાર દ્વારામાં આપવામાં આવેલ નાણા સીધેસીધા ખાતામાં જમા થયા હતા તે બાબતની વાતો રજૂ કરી હતી. પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે.મારી જમણી બાજુ શક્તિ કેન્દ્રના સંયોજક તો ડાબી બાજુમાં બુથ પ્રમુખ બેઠા છે.એ ખાલી અને ખાલી ભાજપમાં જ શક્ય છે.20 વર્ષે પહેલા લોકોને પાણી માટે વલખાં મારવાં પડતાં હતા.પરંતું અત્યારે બધા તળાવો ભરેલા જોવા મળે છે.

ભક્તોની આસ્થા અને ભીડને ધ્યાને રાખી તંત્ર દ્વારા સુરક્ષાના ભાગરુપે વ્યવસ્થા ગોઠવાઇ

# ચૈત્રી નવરાત્રિનો પ્રારંભના પ્રથમ દિવસે પાવાગઢ મંદિરે ભક્તોની ભીડ

**યાત્રાળુઓને** સરળતા રહે તે માટે એસ.ટી. વિભાગ દ્વારા 60 જેટલી વધારાની બસો દોડાવવામાં આવી છે



(પ્રતિનિધિ) હાલોલ, તા.19
આદ્યશક્તિના પવિત્ર પર્વ ચૈત્રી નવરાત્રિના શુભ પ્રારંભ સાથે પંચમહાલ સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું વહેલી સવારે મંદિરના દ્વાર ખુલતા જ હજારો માઈ ભક્તો અનેરી શ્રદ્ધાથી માતા મહાકાળીના દર્શન માટે પહોંચી ગયા હતા અને સમગ્ર મંદિર પરિસર "જય માતાજી"ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. ઘણા ભક્તો રાત્રિ દરમિયાન જ પાવાગઢ પહોંચ્યા હતા, જ્યારે અન્ય ભક્તો વહેલી સવારે ડુંગર ચડી માતાજીના દર્શનનો અને સવારની શ્રી મહાકાળી માતાજીની આરતી નોલાભ લઈ માઈ ભક્તોએ આધ્યાત્મિક આનંદનો અનુભવ કરી માના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનુભવી હતી. ચૈત્રી નવરાત્રિના અવસરે લાખો માઈ ભક્તો પાવાગઢ પહોંચે તેવી શક્યતા હોવાથી વહીવટી તંત્ર અને મંદિર ટ્રસ્ટ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. યાત્રાળુઓને સરળતા રહે તે માટે એસ.ટી. વિભાગ દ્વારા 60 જેટલી વધારાની બસો દોડાવવામાં આવી છે અને સતત પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ભીડને ધ્યાનમાં રાખીને મંદિર વિસ્તારમાં સુરક્ષા માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. લગભગ 700થી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે, તેમજ માંચી અને તળેટી વિસ્તારોમાં બેરિકેટિંગ, પાર્કિંગ અને ભીડ નિયંત્રણ માટે વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

### પાવાગઢમાં ભારે પવનને કારણે રોપ-વે સેવા બંધ, નવરાત્રીના પ્રથમ દિવસે હજારો યાત્રાળુ અટવાયા



પાવાગઢ યાત્રાધામ ખાતે ભારે પવન ફૂંકાવાને કારણે રોપ-વે સેવા તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવી છે. યાત્રાળુઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતા તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ચૈત્રી નવરાત્રીનાં પ્રથમ દિવસે દર્શન કરવા આવેલા હજારો યાત્રી અટવાઈ ગયા હતા. ચૈત્રી નવરાત્રીના પાવન પ્રસંગે પાવાગઢ ખાતે ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. આવા સમયે અચાનક તેજ પવનના કારણે રોપ-વે સેવા ચાલુ રાખવી જોખમી બનતી હોવાને કારણે તેને બંધ રાખવામાં આવી છે.

# હાલોલમાં મોટરસાઈકલ ચોરીના આરોપીની ધરપકડ, બે ગુન્હાઓ ભેદ પોલીસે ઉકેલાયા

**પોલીસે** આરોપી પાસેથી કુલ બે મોટરસાઇકલો કબજે કરી છે, કુલ રૂ. 50,000 નો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) હાલોલ, તા.19
પંચમહાલ જિલ્લામાં મિલકત સંબંધિત ગુન્હાઓ પર અંકુશ મેળવવા પોલીસ દ્વારા ચાલી રહેલી કામગીરી અંતર્ગત હાલોલ ટાઉન પોલીસને મહત્વપૂર્ણ સફળતા મળી છે. પોલીસ દ્વારા મોટરસાઈકલ ચોરીના આરોપી એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો છે, સાથે જ બે અનડીટેકટ ગુન્હાઓનો ભેદ ઉકેલવામાં આવ્યો છે.પંચમહાલ પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સફારી ચોકડી નજીક એક વ્યક્તિ ચોરીની મોટરસાઈકલ સાથે ઉભો હોવાની બાતમી મળી હતી. પોલીસે તાત્કાલિક કોર્ડન કરી આરોપીને ઝડપી લીધો હતો.પકડાયેલા આરોપીની ઓળખ વિશાલકુમાર લક્ષ્મણભાઈ બારીયા તરીકે થઈ છે.



પૂછપરછ દરમિયાન આરોપીએ તા. 17 માર્ચના રોજ સફારી કંપની ગેટ પાસે ચાની લારી પાસેથી એક મોટરસાઈકલ ચોરી કર્યાની કબૂલાત આપી હતી. ઉપરાંત તા. 13 માર્ચના રોજ સુયોગ ઈલેક્ટ્રિકલ કંપનીના પાર્કિંગમાંથી પણ બીજી મોટરસાઈકલ ચોરી કર્યાની વાત સ્વીકારી હતી.
પોલીસે આરોપી પાસેથી કુલ બે મોટરસાઈકલો કબજે કરી છે, કુલ રૂ. 50,000 નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.આ ધરપકડના પગલે હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે ગુન્હાઓ ઉકેલાયા છે.જેની માહિતી તા.18 માર્ચ બુધવારના રોજ પ્રેસનોટ ના માધ્યમથી મળવા પામી હતી